# ફોજદારી કેસ નં.૧૮૨૬/૨૦૨૩

**–:: આંક–૧ લગત હુકમ ::–**

આરોપીઓની ગુન્હા કબુલાત પુરસીસથી ગુના કબુલાતની પ્લી અને કેસની હકીકત વંચાણે લેતા આરોપીઓ સામેના જુગારધારા એકટ ની કલમ–૧૨ મુજબનો ગુનો હું સાબીત થયેલો ગણું છું. આરોપીઓ સામેનો ગુનો અને કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે તે હકીકત માન્ય રાખી  નીચે મુજબ હુકમ કરૂં છું.

**–:: અંતિમ હુકમ  ::–**

- ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ અન્વયે આ કામના આરોપીઓને જુગારધારા એકટની કલમ–૧૨મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને  જુગારધારા એકટ ની કલમ–૧૨  ના  શિક્ષાપાત્ર  ગુન્હાના ભંગ  બદલ  પ્રત્યેક આરોપીને વ્યકિતગત રૂા.૨૦૦/– લેખે કુલ રૂપિયા ૮૦૦/– (અંકે રૂપિયા આઠસૌ પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દડંની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો આરોપીને  દિવસ–૧ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

- આ કામમાં કબજે થયેલ મુદામાલ રોકડ રકમ આરોપીઓની માલિકીની ન હોય તેમજ જો રોકડ રકમ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ ન હોય તો કબજે કરેલ રોકડ રકમ અંગે આરોપીઓએ કોઈ કલેઈમ કરેલ ન હોય કે ભવિષ્યમાં કોઈ કોઈ કલેઈમ કરવા માંગતા ન હોય જેથી હાલના કામે રજુ થયેલ રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરાવવી.

- આ કામમાં રજુ થયેલ ગંજીપતાના પાનાનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૦૯ મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩

બોટાદ

(એન.કે.નાચરે)
એડીશ્નલ સિવિલ જજ
અને જયુડી.મેજી.ફ.ક.બોટાદ
યુનિક જજ કોડ GJ01451